## તાલુકા પંચાયત પ્રતિનિધિઓ સાથેની તાલીમ માટેનું મોડયુલ

**પ્રપોઝલઃ-** કચ્છ જિલ્લાનાં ૪/૫ તાલુકા પંચાયતનાં ચુંટાયેલા સદસ્યો માટેની તાલીમ

**સહભાગીઓઃ-** ૪/૫ તાલુકા પંચાયતનાં કારોબારી મેમ્બર અને ઓફિસ બેરર (પ્રમુખ, ઉપપ્રમુખ અને સમિતિઓનાં ચેરપર્સનશ્રીઓ) અંદાજીત ૨૦ પ્રતિનિધિઓ

**તાલીમ હેતુઃ-**

૧. સહભાગીઓ ૭૩માં બંધારણીય સુધારાનાં અમલીકરણનાં આધારે કમિટી સ્તરનાં/ વ્યક્તિગત સ્તરનાં અને કાર્ય સ્તરનાં પોતાનાં વિચારો રજૂ કરશે.
૨. સહભાગીઓ તાલીમનાં આધારે તેનાં કાર્ય ક્ષેત્રમાં સુશાસન અને તાલુકા પંચાયત સંબધિત કામગીરી સંદર્ભે યોગ્ય સમજ મેળવશે અને એ માટે ઉદાહરણો રજૂ કરશે.
૩. ૭૩માં બંધારણીય સુધારાની મુખ્ય જોગવાઇઓ થી તાલુકા પંચાયત પ્રતિનિધિઓ વાકેફ થશે.

**આઉટકમઃ-**

૧. ક્મશેક્મ ૨ તાલુકા પંચાયત તેમના પ્રતિનિધિઓનાં ક્ષમતાવર્ધન માટે આવતા ૩ વર્ષ માટે ભવિષ્યમાં સેતુનો એપ્રોચ કરશે.
૨. સેતુની ગ્રામ્ય સ્તરની કામગીરીમાં તાલુકા પંચાયત ગ્રામ પંચાયતનાં વિકાસ માટેનાં નાણાકિય સ્ત્રોતો માટે સંકલનકારની ભૂમિકા ભજવશે.
૩. ૭૩માં બંધારણીય સુધારાનાં આધારે તાલુકા પંચાયતને આપવામાં આવેલ કાર્યો અને ફરજોથી વાકેફ થશે તે તેમની કાર્યરિતીમાં દેખાશે.

**તાર્કિક આધારઃ-**

૧. સેતુ અભિયાન દ્વારા ભવિષ્યમાં તાલુકા પંચાયત ને સક્ષમ કરવાનો મુખ્ય ઘ્યેય.
૨. તાલુકા પંચાયત સાથે પ્રાથમિક તબ્બકે સંકલન અથવા પ્રારંભિક એન્ગેજમેન્ટ ઉભું કરવું.
૩. સેતુ અને તાલુકા પંચાયત પરસ્પર સમજણ ઉભી કરવી જેમાં બન્નેનાં જોડાવાથી શું ફાયદા થશે તે નક્કી કરવું
૪. સેતુની આંતરિક ક્ષમતાનું વિકસન કરવું.

**તાલીમનાં મુખ્ય વિષયોઃ-**

૧. ૭૩માં બંધારણીય સુધારાનાં મુખ્ય અંશો તેમજ જેમાં ૧૯૬૧ ગુજરાત પંચાયત એક્ટ અને ૧૯૯૩ બંધારણીય સુધારાને લઇને ગુજરાત પંચાયત એક્ટની તાલુકા પંચાયતને લઇને મુખ્ય જોગવાઇઓ અને તફાવતો.
૨. તાલુકા પંચાયત પ્રતિનિધિઓ અને તેની સમિતીઓની સતા-ફરજો

**તાલીમ તજજ્ઞઃ-** શ્રી વર્ધમાન વૈદ્ય અને શ્રીમતિ લતાબહેન સચદે

**તાલીમ રૂપરેખાઃ-**

| તારીખ | શમય | શેસન / વિષય | પધ્ધતિ | નોલેજ આઉટકમ |
|---|---|---|---|---|
| ૨૩-ફેબુ-૨૦૧૮ | ૧૧:૦૦ થી ૧૧:૧૫ | સ્વાગત પ્રવચન અને દીપ પ્રાગટ્ય | સ્વાગત પ્રવચન- શ્રેષ્ઠા રોય અને દીપ પ્રાગટ્ય દરેક તા.પનાં પ્રમુખશ્રીઓ દ્વારા | |
| | ૧૧:૧૫ થી ૧૧:૨૫ | તાલીમનો હેતુ અને સંસ્થા વીશે ટુંકમાં પરિચય | મનિષ આચાર્ય દ્વારા | |
| | ૧૧:૨૫ થી ૧૧:૪૦ | સહભાગીઓનો પરિચય | દરેક સહભાગી વ્યક્તિગત પરિચય આપશે જેમાં નામ, તાલુકા પંચાયત અને હોદો એ મુખ્ય બાબત હશે. | કચ્છની ૪-૫ તાલુકા પંચાયતનાં પ્રતિનિધિઓ અને સંસ્થા એકબીજાથી પરિચિત થશે. |
| | ૧૧:૪૦ થી ૧:૦૦ | ૭૩માં બંધારણીય સુધારાની મુખ્ય જોગવાઇઓ અને તેના આધારે ગુજરાત પંચાયત એક્ટની મુખ્ય જોગવાઇઓ | શ્રી વર્ધમાન વૈદ્ય દ્વારા પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન અને મૌખિક રજૂઆત | સહભાગીઓ ૭૩માં બંધારણીય સુધારો અને ગુજરાત પંચાયત એક્ટની મુખ્ય જોગવાઇઓથી વાકેફ થશે ઉપરાંત અન્ય રાજ્યોનાં પંચાયત સંદર્ભેની જોગવાઇઓથી માહિતગાર થશે. |
| | ૧:૦૦ થી ૨:૦૦ | ભોજન | | |
| | ૨:૦૦ થી ૩:૦૦ | તાલુકા પંચાયતનાં ચુંટાયેલા સદસ્યોની ભૂમિકા અને જવાબદારી | શ્રીમતિ લતાબહેન સચદે દ્વારા મૌખિક રજૂઆત અને કાર્ડ દ્વારા સમજૂતી | સભાગીઓ પોતાની શું સતા અને ફરજો છે તેનાથી વાકેફ થશે. |
| | ૩:૦૦ થી ૪:૦૦ | તાલુકા પંચાયતની ફરજીયાત અને મરજીયાત સમિતિઓ અને તેની કાર્યરિતી | શ્રીમતિ લતાબહેન સચદે દ્વારા મૌખિક રજૂઆત અને ચાર્ટ દ્વારા સમજૂતી | તાલુકા પંચાયતમાં સમિતિઓની મુખ્ય ભૂમિકા શું હોય તેને કઇ રીતે ઇન્વોલ્વ કરી શકાય તે માટેની સમજ સહભાગીઓ મેળવશે. |
| | ૪:૦૦ થી ૪:૧૦ | અંજાર તાલુકા પંચાયત દ્વારા તાલુકા સ્તરનાં આયોજન- ગેજેટ- વેબસાઇટ સંદર્ભે રજૂઆત | અંજાર તાલુકા પંચાયત પ્રતિનિધિઓ દ્વારા મૌખિક રજૂઆત | સહભાગીઓ કચ્છનાં એક તાલુકાની પહેલ વીશે જાણી શકસે. |
| | ૪:૧૦ થી ૪:૨૦ | સેતુનું ભવિષ્યમાં તાલુકા પંચાયત સાથે ઇન્વોલ્વમેન્ટ સંદર્ભે ઓપન ચર્ચા | સહભાગીઓ દ્વારા અને તાલીમ ફેસીલીટેટર દ્વારા | |
| | ૪:૨૦ થી ૪:૪૦ | તાલીમ સમાપન નોટ અન તાલીમનું મુલ્યાંકન | શ્રેષ્ઠા રોય દ્વારા | |